**GUJARAT BILL NO. 18 OF 2020.**

# THE CONTRACT LABOUR (REGULATION AND ABOLITION) (GUJARAT AMENDMENT) BILL, 2020.

***A BILL***

*further to amend the Contract Labour (Regulation and Abolition) Act, 1970 in its application to the State of Gujarat.*

**સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૮.**

# કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૦.

## ગુજરાત રાજ્યને લાગુ પડતો કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે.

(૨) તે સન ૨૦૨૦ના જુલાઇ મહિનાની ૨૦મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૧૯૭૦નો ૩૭મો.**

**સન ૧૯૭૦ના ૩૭મા અધિનિયમની કલમ ૧નો સુધારો.**

**૨.** ગુજરાત રાજ્યને લાગુ પડતો કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (જેનો આમાં હવે પછી, “મુખ્ય અધિનિયમ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧માં, પેટા-કલમ (૪)માં,-

(૧) ખંડ (ક)માં, “વીસ” એ શબ્દને બદલે, “પચાસ” એ શબ્દ મૂકવો;

(૨) ખંડ (ખ)માં, “વીસ” એ શબ્દને બદલે, “પચાસ” એ શબ્દ મૂકવો;

(૩) પરંતુકમાં, “વીસ” એ શબ્દને બદલે, “પચાસ” એ શબ્દ મૂકવો.

**સન ૨૦૨૦નો ગુજરાત વટહુકમ ૭મો.**

**રદ કરવા બાબત અને અપવાદ.**

**૩.** (૧) કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૦, આથી, રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધારેલા મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કંઇપણ કાર્ય અથવા લીધેલું કોઇ પગલું, આ અધિનિયમથી સુધારેલા મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦, ભારત સરકારે, ઉદ્યોગોમાં કામે રાખવામાં આવેલ મજૂરની સેવાની શરતો અને ચુકવણીઓનું નિયમન કરવા અને તે સુનિશ્ચિત કરવાના ઉપાય તરીકે અધિનિયમિત કર્યો છે.

કોવિડ-૧૯ને લીધે પ્રવર્તમાન વર્તમાન પરિસ્થિતિ દરમિયાન, આર્થિક પ્રવૃત્તિમાં વધારો કરવો જરૂરી છે અને રાજ્યમાં આર્થિક સુધારણા પૅકેજ આપીને, જે સંસ્થાઓ અને કન્ટ્રાક્ટર ૫૦ અથવા તેથી વધુ લોકોને (અગાઉ ૨૦) નોકરીએ (કામે) રાખતી/રાખતા હોય તેમને આ અધિનિયમ હેઠળ આવરી લઇ શકાય એમ છે. એમ પણ જણાયું છે કે વિદ્યમાન અધિકતમ મર્યાદાના કારણે, નાના એકમોને અધિનિયમ હેઠળ ઔપચારિકતાઓ સુનિશ્ચિત કરવામાં મુશ્કેલી પડતી હોવાથી, મુખ્ય માલિકો માટે કર્મચારીવર્ગના કામે રાખવામાં અથવા ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવતી વખતે કરારોનું પાલન કરવું મુશ્કેલ બને છે. એવું ધ્યાને આવ્યું છે કે નીચલી મર્યાદાને કારણે કાંતો અપાલનને ઉત્તેજન મળે છે અથવા માંગ મુજબ જરૂરી મજૂરને કામે રાખવા પર નિયંત્રણ કરે છે. તેથી, એવું સૂચિત કરવામાં આવ્યું છે કે વિદ્યમાન અધિકતમ મર્યાદામાં ઉપર સુધારો કરવાની જરૂર છે જેથી કરીને રોજગારની વધુ તક પૂરી પાડી શકાય અને નાના એકમોને ધંધો કરવામાં સરળતા રહે.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૦ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, રાજ્ય વિધાનમંડળના અધિનિયમ દ્વારા સદરહુ વટહુકમ બદલવા ધાર્યું છેü

તારીખ: ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૦. **દિલીપકુમાર ઠાકોર.**

## પુરવણી

## કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭મા)માંથી ઉતારા.

---

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, આરંભ અને લાગુ પડવા બાબત.

**૧.** (૧) થી (૩) XXX XXX XXX

(૪) તે-

(ક) કન્ટ્રાક્ટ મજૂર તરીકે પહેલાના બાર મહિનાના કોઇ દિવસે વીસ અથવા વધુ કામદારોને જેમાં કામે રાખ્યા હોય અથવા કામે રાખ્યા હતા તેવી દરેક સંસ્થાને;

(ખ) વીસ અથવા વધુ કામદારોને પહેલાના બાર મહિનાના કોઇ દિવસે જે કામે રાખે અથવા જેણે કામે રાખ્યા હતા તેવા દરેક કોન્ટ્રાક્ટરને,

લાગુ પડે છે:

પરંતુ સમુચિત સરકાર, તેવું કરવાના પોતાના ઇરાદાની બે ઓછામાં ઓછા બે મહિનાની નોટિસ આપ્યા પછી, રાજપત્રમાં જાહેરનામાથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા ઓછામાં ઓછા વીસ કામદારોની તેટલી સંખ્યાને કામે રાખનાર કોઇ સંસ્થા અથવા કોન્ટ્રાક્ટરને આ અધિનિયમની જોગવાઇઓ લાગુ પડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૮ .]

ગુજરાત રાજ્યને લાગુ પડતો કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી દિલીપકુમાર ઠાકોર,

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી.]

(સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૧૪મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE CONTRACT LABOUR (REGULATION AND ABOLITION) (GUJARAT AMENDMENT) BILL, 2020.**

**GUJARAT BILL NO. 18 OF 2020.**

***A BILL***

*further to amend the Contract Labour (Regulation and Abolition) Act, 1970 in its application to the State of Gujarat.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Contract Labour (Regulation and Abolition) (Gujarat Amendment) Act, 2020.

(2) It shall be deemed to have been come into force on the 20th July, 2020.

**Amendment of section 1 of 37 of 1970.**

**2.** In the Contract Labour (Regulation and Abolition) Act, 1970, in its application to the State of Gujarat (hereinafter referred to as "the principal Act"), in section 1, in sub-section (4),- **37 of 1970.**

(i) in clause (a), for the word "twenty", the word "fifty" shall be substituted;

(ii) in clause (b), for the word "twenty", the word "fifty" shall be substituted;

(iii) in the proviso, for the word "twenty", the word "fifty" shall be substituted.

**Repeal and saving.**

**3.** (1) The Contract Labour (Regulation and Abolition) (Gujarat Amendment) Ordinance, 2020 is hereby repealed. **Guj. Ord. 7 of 2020.**

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the principal Act as amended by the said Ordinance, shall be deemed to have been done or taken under the principal Act as amended by this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Contract Labour (Regulation and Abolition) Act, 1970 has been enacted by the Government of India as a means of regulating and ensuring the conditions of service and the payments to the labour employed by the industries.

During the present situation prevailing due to the COVID – 19, it is necessary to boost the economic activity and by way of offering an economic revival package in the State, it is felt that the establishments and contractors which employ more 50 people or more (previously 20) may be covered under the Act. It is also felt that because of the existing threshold limit, principal employers while hiring personnel or procuring commodities find it difficult to execute contracts, as the small units face hardship in ensuring formalities under the Act. It has been observed that the lower limit either encourages non-compliance or restricts the engagement of required labour as per demand. It is therefore, proposed that the existing threshold limit needs upward revision so as to provide more opportunity of employment and facilitate business in small units.

As the Legislative Assembly of the State of Gujarat was not in session, at that time, the Contract Labour (Regulation and Abolition) (Gujarat Amendment) Ordinance, 2020 was promulgated to achieve the aforesaid object.

This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

Dated the 11th September, 2020. **DILIPKUMAR THAKOR.**

***ANNEXURE***

**EXTRACT FROM THE CONTRACT LABOUR (REGULATION AND ABOLITION) ACT, 1970.**

**( 37 of 1970)**

---

**Short title, extent, commencement and application.**

**1.** (1) to (3) XXX XXX XXX

(4) It applies-

(a) to every establishment in which twenty or more workmen are employed or were employed on any day of the preceding twelve months as contract labour;

(b) to every contractor who employs or who employed on any day of the preceding twelve months twenty or more workmen:

Provided that the appropriate Government may, after giving not less than two months' notice of its intention so to do, by notification in the *Official Gazette*, apply the provisions of this Act to any establishment or contractor employing such number of workmen less than twenty as may be specified in the notification

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 18 OF 2020.**

***A BILL***

*further to amend the Contract Labour (Regulation and Abolition) Act, 1970 in its application to the State of Gujarat.*

**[ SHRI DILIPKUMAR THAKOR, MINISTER FOR LABOUR AND EMPLOYMENT ]**

**( As published in the Gujarat Government Gazette of 14th September, 2020)**

**D.M.PATEL,**

Secretary,

Gujarat Legislative Assembly.